ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૯-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### અત્યાર સુધી દ્વિધા અનુભવતા રહેલા રાહુલ ગાંધી ફુલ ફોર્મમાં

ભાજપમાં મોદીના નામ પ્રત્યે નારાજગી ધરાવતું એક વગદાર જૂથ છે અને તે એમના નામની જાહેરાત સતત પાછી ઠેલાય એવા પ્રયાસો કરતું રહે છે પરંતુ કોંગ્રેસમાં રાહુલ ગાંધી સર્વમાન્ય છે અને પક્ષના પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીય નેતાઓથી લઈ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ સુધી બધા એકી અવાજે રાહુલ ગાંધીને દેશના આગામી વડાપ્રધાનપદે આરૂઢ થવા આગોતરું સમર્થન આપી રહ્યા છે. એ સાચું કે રાહુલ આ પદ માટે અંદરખાને સુસજ્જ હોવા છતાં પોતે એની પાછળ ઘેલા થયા હોવાનો સંદેશ ભૂલથી પણ ભારતીય મતદાર સમુદાયને પહોંચાડવા તૈયાર નથી. એમની આ વિવેકશીલતા એ ખાનદાની રાજકુટુંબોની ખાસિયત છે. રાજકુમારને ખબર જ હોય છે કે મારે જ રાજા બનવાનું છે પરંતુ રાજપદ હાંસલ કરવા એ બહાવરો નથી બનતો. બધું સહજ, સમુંસૂતરું પાર ઊતરે એ માટેનું આંતરિક આયોજન જરૂર ગોઠવતો રહે છે. રાહુલ હકીકતમાં ભારતીય લોકશાહીના એવા જ એક રાજકુમાર છે જેમને વડાપ્રધાનપદ આજે નહીં તો કાલે- વારસામાં જ મળવાનું છે એની પાકી ખાતરી છે. લોકશાહી માટે કોઈ એક પરિવારનો આવો વિશેષાધિકાર એ ચિંતાનો વિષય ગણાવો જોઈએ. ખુદ રાહુલ આ મુદ્દો બરાબર સમજે છે, સ્વીકારે છે અને ચર્ચતા રહ્યા છે. વડાપ્રધાનપદના ઉમેદવાર બનવું એ જાણે એમના માટે આપદધર્મ છે, કારણ કે પોતે એવી પાર્ટીની પસંદગીના સર્વસંમત નેતા છે, જે છેક માતામહ પં. નહેરુના જમાનાથી એક જ પરિવારનું નેતૃત્વ સ્વીકારવા ટેવાયેલી છે. વચ્ચે એક તબક્કો એવો પણ આવી ગયો જ્યારે રાજીવ ગાંધીના અકાળ અવસાન પછી કોંગ્રેસ માટે બહાર નજર દોડાવવાની અનિવાર્યતા ઊભી થઈ હતી. ત્યારે પણ નહેરુ-ગાંધી પરિવારના વફાદાર અર્જુનસિંહ જેવા કોંગ્રેસીઓ તો તાજાં વિધવા બનેલાં સોનિયા ગાંધી સામે જ મીટ માંડી રહ્યા હતા. પરંતુ સોનિયા ભારે માનસિક આઘાતમાં હતા; એમને પોતાનાં દૂધમલ બાળકોની સલામતીની ચિંતા હતી. જ્યારે એમણે ઘસીને જવાબદારી સ્વીકારવાની ના ભણી દીધી ત્યારે નાછૂટકે વરિષ્ઠ કોંગ્રેસી નેતા પી.વી. નરસિંહ રાવને સુકાન સોંપાયું હતું. નરસિંહ રાવે બાબરી ધ્વંસ પ્રસંગે આંખમિચામણાં કરવાની નીતિ અખત્યાર કરી તેથી મુસ્લિમોનો વિશ્વાસ કોંગ્રેસ પરથી ઊઠી ગયો હતો. પરિણામે કેન્દ્રમાં કોંગ્રેસને વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો હતો. વાજપેયીના નેતૃત્વ હેઠળની ઍનડીએ સરકારનો મૃત્યુઘંટ વગાડવામાં સોનિયાની નેતાગીરી હેઠળ કોંગ્રેસને ઝળહળતી સફળતા સાંપડી ત્યારથી કોંગ્રેસ ફરી પાછી એ જ નહેરુ-ગાંધી પરિવારની છત્રછાયા હેઠળ રેઢિયાળ બની ગઈ છે. રાહુલ ગાંધીએ પાર્ટીનો આ રોગ બરાબર પારખી લીધો છે. એટલે સત્તા કરતાં વિશેષ ધ્યાન તેઓ સંગઠન મજબૂત કરવામાં આપતા રહ્યા છે. એમને પાર્ટીમાં ચાલતા જૂથવાદ, ભ્રષ્ટાચાર અને આંતર કલહ ઉપરાંત છેલ્લાં વર્ષો દરમિયાન યુપીએ-૨ સરકારનાં વિવિધ કૌભાંડોનો સામનો કરીને ૨૦૧૪માં પાર્ટીને વૈતરણી પાર કરાવવી પડે એમ છે. માતા સોનિયા ગાંધીએ પોતાનાં અધૂરાં સપનાં પુત્રની પ્રગતિરૂપે સાકાર કરવાના કોડ સેવ્યા છે, તો વળી પ્રાદેશિક ક્ષત્રપો માટે પણ કેન્દ્રમાં નબળા પડી ગયેલા વડાપ્રધાનનો વિકલ્પ ફક્ત નવયુવાન રાહુલ ગાંધી જ બની શકે એમ છે. રાહુલ ગાંધીએ આખરે કોંગ્રેસી આગેવાનોની ઈચ્છાને માન આપીને ચૂંટણી પ્રચારની કમાન સંભાળી લેવી પડી છે. રાહુલ પોતાના સપનાં ગરીબ પ્રજા ખાતર કુરબાન કરવાની વાત કરીને કોંગ્રેસને અને દેશને નેતૃત્વ પૂરું પાડવાનો નિરધાર જાહેર કરી દીધો છે. એમણે પોતાના વિશ્વાસુ મહામંત્રીઓને વિવિધ રાજ્યોની જવાબદારી સોંપી છે અને કોંગ્રેસ સામે ધુંવાંધાર પ્રચાર ઝુંબેશ ચલાવી રહેલા ભાજપના મહત્વાકાંક્ષી નેતા નરેન્દ્ર મોદી સામે એક શાલીન, પ્રજાલક્ષી નેતાને છાજે એવો વળતો જવાબ વાળવાની રાજનીતિ અપનાવી છે. મોદીની જેમ એ આડેધડ આક્ષેપબાજી કે હલકી મજાક મશ્કરીમાં નહીં પડી શકે. એ માટે જરૂરી એવું કુટિલ વ્યક્તિત્વ કે વક્તૃત્વકળા પણ એમની પાસે નથી. પરંતુ કોંગ્રેસે ખૂબ જહેમતપૂર્વક દેશની આમજનતાના હિતમાં પસાર કરેલા ખાદ્ય સુરક્ષા બિલ, ભૂમિ અધિગ્રહણ બિલ, રોજગાર મેળવવાનો અધિકાર અને માહિતી મેળવવાનો અધિકાર જેવી વિવિધ યોજનાઓના આધારે એમને રાજસ્થાનના સલુંબર ખાતે યોજાયેલી રેલીમાં કરેલું ભાષણ ખૂબ સૂચક છે. એમણે ગાળોનો વરસાદ વરસાવતા ક્રોધી માણસ સામે મૌન રહેલા ઋષિનું ઉદાહરણ આપી પોતે મોદીની એ 'ભેટ' સ્વીકારતા નહીં હોવાનો સાંકેતિક જવાબ આપી દીધો એટલું જ નહીં, એમણે અગાઉની જેમ 'આધી રોટી' ખાઈને કોંગ્રેસને જિતાડવાને બદલે 'પૂરી રોટી' ખાઈને, મફત દવાઓનો લાભ ઉઠાવીને તથા રોજગારીનો અધિકાર મેળવીને કોંગ્રેસને જિતાડવાની હાકલ કરી છે. હવે એકલા ભૌતિક સંસાધનો- રોડ કે હવાઈ પ્રવાસનાં ઈન્ફ્રાસ્ટ્રકચરોથી નહીં પરંતુ એ માળખાંના પાયામાં જેમની કાળી મજૂરી અને પસીનો પુરાયેલો છે એવા ગરીબોના પેટની ચિંતા કરવાથી સાચો વિકાસ સાધી શકાશે એવા સંકલ્પમાં શુદ્ધ દાનત ધરાવતા યુવાનેતા રાહુલ ગાંધીના મનોબળનું પ્રતિબિંબ વરતાય છે.

# સેન્ટ ઝેવિયર્સ ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન 'ટેકસા-જી'નો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની જાણીતી સેન્ટ ઝેવિયર્સ શાળામાં અભ્યાસ કરી ચુકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંસ્થા 'ધ એકસ ઝેવીયરાઈટસ એસોસીએશન, ગાંધીનગર ટેકસા-જી'ની રચના કરી હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ સંસ્થાના સભ્યો બનવા માટે ઝેવિયર્સ સ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

સેકટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળામાં અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ આજે ઉચ્ચ પદ પર પહોંચી, તેમને આ મુકામ પર પહોંચાડવામાં મહત્વનો ભાગ ભજવનાર સેન્ટ ઝેવિયર્સ સ્કુલ અને શાળા પરિવારને ખુબ યાદ કરે છે. શાળાના સંસ્મરણો વાગોળવા અને તેનું ઋણ ચુકવવા તથા ભવિષ્યમાં વિવિધ કાર્યક્રમોના આયોજન માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ 'ધ એકસ ઝેવીયરાઈટસ એસોસીએશન-ગાંધીનગર, ટેકસા-જી'નો પ્રારંભ કર્યો છે. ટેકસા-જીના ચેરપર્સન તરીકે સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સેકટર-૮ના આચાર્ય ફાધર હેકટર પીન્ટો, પ્રમુખ તરીકે સુકેતુ મહેતા, ઉપપ્રમુખ તરીકે કેદાર થાનકી, ખજાનચી તરીકે કૈરવ દેસાઈ, સેક્રેટરી તરીકે જય દવે, જોઈન્ટ સેક્રેટરી તરીકે કિન્નર ઝવરી, ઓડીટર તરીકે સંદીપ શાહ અને મહિલા પ્રતિનિધિ તરીકે બેલા ઠાકર અને નફીસા ખલીલની નિમણુંક કરવામાં આવી છે. ટેકસા-જીમાં સભ્ય બનવા ઈચ્છતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ સંસ્થામાં જોડાવવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



નવો ૧૦૦ ટકા સુરક્ષિત ડ્રાઈવીંગ સેફટી બેલ્ટ...!!

# ગાંધીનગર ખાતે રામાનુજન ગણિત સ્પર્ધા-૨૦૧૩ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

હરિઓમ આશ્રમ પ્રેરિત તથા સુગણિતમ્ ટ્રસ્ટ અને ગુજરાત ગણિત મંડળ સંચાલિત 'રામાનુજન ગણિત સ્પર્ધા' વિદ્યાર્થીઓમાં રહેલી ગણિત પ્રતિભાનું શોધન અને અભિવાદન કરવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન થાય છે. આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીને પ્રાદેશિક ગણિત સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. જે સ્પર્ધા નેસનલ બોર્ડ ઓફ હાયર મેથેમેટીક્સ (એન.બી. એચ. એમ.) દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવે છે. જેમાં સફળ વિદ્યાર્થીઓને આ સંસ્થા દ્વારા ઉચ્ચ અભ્યાસ માટે અનુદાન આપવામાં આવે છે.

આગામી તારીખ ૬ ઓક્ટોબરના રોજ 'રામાનુજન ગણિત સ્પર્ધા-૨૦૧૩' ગાંધીનગર શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે. ૨૩ના કેન્દ્ર ખાતે લેવામાં આવશે. ગાંધીનગરની તેમજ આસપાસની શાળામાં ધોરણ-૭ થી ૧૨ માં અભ્યાસ કરતા અને ગણિત વિષયમાં રસ ધરાવતા અંગ્રેજી અથવા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ છે. પરીક્ષા ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૫મી સપ્ટેમ્બર છે. ઉપરોક્ત પરીક્ષાલક્ષી માર્ગદર્શનના હેતુથી વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૫મી સપ્ટેમ્બરે પ્રાદેશીક સહ સંચાલક દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે (મો.) ૯૮૨૪૪૩૪૪૫૯નો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

## ચૌધરી કન્યા વિદ્યાલયનો ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર એસ.વી.એસ. કક્ષાનાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ગત તારીખ ૨ અને ૩ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ સ્કુલ ફોર એકસલન્સ પેથાપુર ખાતે યોજવામાં આવ્યું હતું. જે પ્રદર્શનિમાં જે.એમ. ચૌધરી વિદ્યાલયની બહેનોએ ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યુ છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓ ઉર્જા વિભાગમાં કૃતિનું નામ સેવ વોટર એન્ડ સેવ એનર્જીમાં બિહોલા શ્રધ્ધા ખોડાજી, પ્રજાપતિ મોહની પ્રવિણભાઈ, આરોગ્ય વિભાગમાં ઓલ હેલ્થી બી હેલ્થી વિભાગમાં નાયી જાનવી જીતેન્દ્રકુમાર, સોલંકી રિધ્ધી કિર્તીસિંહ, સંશોધન વિભાગમાં ફન વિથ ડાયગ્રામ કૃતિમાં ભટ્ટી નિરાલી નરસિંહભાઈ, પ્રજાપતિ પ્રિયંકા ભરતભાઈ તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સૌર શકિતસંગ્રહ તેમજ કુપોષણ એક સામાજીક દૂષણમાં ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્ય ચૌધરી સંતોકબેન વતી અભિનંદન પાઠવાયા છે.

# એમ.બી. પટેલ શાળાની બાળાઓને બિરદાવતી ગણેશોત્સવ સમિતિ

ગાંધીનગર, તા. ૧૨

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સે. ૨૨ના રંગમંચ ખાતે તા. ૧૦-૯-૧૩ના રોજ ગણેશોત્સવ ઉજવણીના સંદર્ભમાં સર્વવિદ્યાલય કેળવણી મંડળ(કડી) ગાંધીનગર સંચાલિત પ્રાથમિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે માતૃ-પિતૃ વંદના થીમ આધારિત સુંદર કૃતિઓ રજૂ કરેલ. આ કાર્યક્રમ નિહાળવા વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'આ કાર્યક્રમનો મુખ્ય સંદેશ સાંપ્રત સમયમાં લોકો પોતાના જીવનમાં માતા-પિતાનું મહત્વ સમજે અને તેમનો આદર કરે.'

ગણેશોત્સવ સમિતિના પ્રમુખ શ્રી નિશીતભાઈ વ્યાસે તમામ બાળકલાકારોને અભિનંદન પાઠવી રોકડ પુરસ્કાર આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના મહામંત્રી કુ. ચેતનાબેન બુચે કર્યું હતું.

# સરકારી વિનિયન કોલેજ ખાતે કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરની સરકારી વિનિયન કોલેજ સેકટર-૧૫ ખાતે ગુજરાતી માતૃભાષામાં કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તાજેતરમાં ગુજરાતી માતૃભાષા, સાહિત્યિક અભિરૂચિ કેળવાય અને વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે હેતુસર શહેરની સરકારી વિનયન કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને ડૉ. હર્ષ પરમારે કાર્યક્રમની ભૂમિકા અંગે તથા શાબ્દિક પ્રવચનથી સર્વેનું સ્વાગત કર્યું હતું.

કવિ સંમેલમાં કવિ હરિદ્વાર ગોસ્વામી, હરિવદન ભટ્ટ અને મનીષ પાઠક ઉપસ્થિત રહ્યા હતાં. કવિ હરિદ્વારે માતૃભાષનું મહત્વ સમજાવતી સરસ ગઝલ અને મનીષ પાઠકે સાંપ્રત પરિસ્થિતિઓને સાંકળી કામ તારું થઈ જશે પણ ઓળખાણ છે?થી શરૂ કરી કવિતાનું પઠન કર્યું હતું. કવિ હરિવદન ભટ્ટે વ્યંગ, કટાક્ષ અને મનોરંજન સાથે કાવ્ય પઠન કર્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ કવિતાને લગતી પ્રશ્નોતરી કરી હતી. આચાર્ય નિયતિબેને કાવ્યપઠન કરી વિદ્યાર્થીઓને ઉત્સાહી કર્યા હતા.

# ભીખુભાઇ શિક્ષક અને અભિનેતા તો છે જ, રંગમંચની સાથે સાથે તેમણે રેડિયો, ટી.વી. અને ફિલ્મ એમ ત્રણે ક્ષેત્રે પદાર્પણ કર્યું છે, ટી.વી. ક્ષેત્રે તેઓ વર્ષોથી સક્રીય છે

## કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

એક કહેવાય છે કે છઠ્ઠીની રાત્રીએ વિધાતા જેના મસ્તિષ્ક ને સ્પર્શે એ વ્યક્તિ ડૉકટર કે ઈજનેર બને. જેના હાથ-પગ સ્પર્શે એ મહાન રમતવીર બને છે. જેના હૃદયને સ્પર્શે તે વ્યક્તિ કવિ- કલાકાર કે સાહિત્યકાર બને છે. પરંતુ જેના બધા જ અંગોને ભારપૂર્વક સ્પર્શે તે શિક્ષક બને છે. અને સોનામાં સુગંધ ભળે તેમ આ શિક્ષક કે જેનો આપણે પરિચય મેળવવો છે તે અચ્છો કલાકાર પણ છે... સાહિત્યકાર પણ છે અને કવિ... પણ છે...! અને એ છે આપણા ભીખુ કવિ.

જન્મભૂમિ (વતન) કડિયાદરા, તા. ઈડર, જિં. સાબરકાંઠામાં તા. ૧૨-૩-૫૫ના રોજ મીર કોમનાં મેધાવી માતા-પિતા રહેમતબેન અને બાલાભાઈના ઘરે પુત્ર ભીખુનો જન્મ થયો. જુની રંગભૂમિના તખ્યા પર મીર કોમનો સવિશેષ ફાળો રહ્યો છે. જૂની રંગભૂમિના નીવડેલા અદાકાર માસ્ટર બાલાભાઈ (જેઓ દેશી નાટક સમાજ, ભારત નાટક સમાજ મુંબઈના જાણીતા અભિનેતા) પુત્ર ભીખુને સુતી વખતે, લેસન કરાવતી વખતે જુની રંગભૂમિના નાટકોની રસપ્રદ વાર્તાઓ બનાવીને કહેતા. ભીખુને પણ પિતાજીની જેમ ગાવાનો નાનપણથી જ શોખ. પિતાજી ગીતો ગાતા પણ શીખવાડે. ગરીબ છતાં ગૌરવવંતા, હસતાં-હસાવતાં મતા રહેમતબેન પાસેથી કરૂણા પ્રેમ અને સંસ્કારના પાઠ ભણતાં ભણતાં ભીખુભાઈએ પ્રાથમિક શિક્ષણ કડિયાદરાની શાળામાંથી મેળવ્યું.

શાળામાં પોતાના વર્ગમાં, સંમેલનમાં પ્રાર્થના ગાવાની હોય, સંગીત કે અન્ય કાર્યક્રમ હોય કે યુવક મહોત્સવ હોય પોતાના પહાડી રાગ વડે ભીખુભાઈ મોખરે જ રહે. પિતાની અભિનય વારસાને પણ એક પાત્રી અભિનયમાં પ્રથમ આવીને જીવંત રાખતા. શાળાભ્યાસ દરમિયાન ભીખુભાઈને રેડિયો સાંભળવો, માણવો ખૂબ ગમતો. પુસ્તકો, સામયિકોમાં આવતા ચિત્રો ભેગા કરવા, ટુચકાઓ, કવિતા, જોડકણાં, વાર્તાના શોખના કારણે ભીખુભાઈ બીજા બાળકોથી અલગ તરી આવતા. ધોરણ આઠમાં અભ્યાસ કરતા હતા ત્યારે પિતાજીનું અવસાન થયું. દમના રોગથી પીડાતા વૃદ્ધ મા, આજીવિકાનું કોઈ સાધન ન હતું. ત્યારે બાબુભાઈ કવિ (મામા) અને કડિયાદરા કેળવણી મંડળના માનદ્મંત્રી કાલિદાસ પંચાલ અને ગ્રામજનોએ ભીખુભાઈ અને તેમના નાનાભાઈ કનુને ભણાવવાની સંપૂર્ણ જવાબદારી લઈને પ્રાથમિક શિક્ષણથી પ્રાથમિક શિક્ષક સુધીનું શિક્ષણ (પી.ટી.સી.) અપાવ્યું.



પી.ટી.સી. પાસ કરીને દેમતી આશ્રમમાં પ્રાથમિક શિક્ષક તરીકે ભીખુભાઈ જોડાયા. થોડા સમય કામ કરીને ૧૯૭૬થી ધામડી, તા. ઈડર ખાતે સરકારી નોકરીમાં જોડાયા. નાટ્ય, સંગીત, સાહિત્યનો વારસો મેળવેલા ભીખુભાઈ એ વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ કેળવવાનું શરૂ કર્યું. અનેક વિદ્યાર્થીઓ એ સંગીત-નાટકમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ નંબર મેળવ્યા. ધામડી શાળાના આચાર્ય એ ભીખુભાઈમાં છુપાયેલા તરવરાટ, શક્તિ, કલા જોઈને આગળ અભ્યાસ કરવા પ્રોત્સાહન આપ્યું. અને ધો.૧૨ની એક્સ્ટર્નલ પરીક્ષા આપી સારા ટકાએ ઉત્તીર્ણ થઈ ગુજરાત યુનિ.માંથી મુખ્ય વિષય ગુજરાતી સાથે બી.એ. ની પદવી મેળવી. છ વર્ષ સુધી ધામડીમાં નોકરી કર્યા બાદ ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી પ્રાથમિક શાળામાં બદલી થતાં ભીખુભાઈ ત્યાં જોડાયા. આ સમય દરમિયાન આકાશવાણીની સ્વર પરીક્ષા પાસ કરીને ભીખુભાઈએ 'યુવાવાણી' પર અનેક કાર્યક્રમો કર્યા.

પાદરડી શાળામાં વિદ્યાર્થીઓ સાથે અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરી. જાણીતા બાળવાર્તાકાર રમણલાલ સોનીની વાર્તા 'વાંસળીવાળો' નું નાટ્ય રૂપાંતર કરી, તેનું દિગ્દર્શન કર્યું જેની પ્રસ્તુતિ ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન દ્વારા થઈ. જેમાં 'વાંસળીવાળા'ની મુખ્ય ભૂમિકા ભીખુભાઈ એ ભજવીને નાટ્યક્ષેત્રે અને નાટ્ય દ્વારા શિક્ષણની શુભ શરૂઆત ભીખુભાઈ દ્વારા આરંભાઈ.

એક પાત્રીય અભિનયમાં 'એન્તોની ચેખોવ'ની સ્ક્રીપ્ટ 'કાંચીડો' પર ભીખુ કવિ અભિનય કરે અને આ અભિનયમાં તેઓ એવા જામી જાય કે જોનારા જોતાં જ રહી જાય અને નિર્ણાયકો પણ અસરમાં આવીને પ્રથમ નંબર આપી દે..! જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત રસોત્સવ સ્પર્ધામાં જૂથ, બીટ, તાલુકા અને જિલ્લા કક્ષા સુધી ભીખુભાઈએ પ્રથમ ક્રમ મેળવ્યો અને શાળાના બાળકોને પણ નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવડાવતા. આમ ભીખુભાઈની નાટ્ય સફર આગળ ચાલી.

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં 'એક પાત્રીય અભિનય' સ્પર્ધામાં ભીખુભાઈએ ૧૯૭૯ થી ૧૯૯૦ સુધી સતત બાર વર્ષ સુધી ભાગ લઈ તાલુકા, જિલ્લા, પ્રાદેશિક અને રાજય કક્ષા સુધી પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આમ એક પાત્રી અભિનયમાં ભીખુભાઈએ પોતાની માસ્ટરી પુરવાર કરી. સતત બાર વર્ષ સુધી એક પાત્રી અભિનય સ્પર્ધામાં ભાગ લેનારા કારણે સ્પર્ધકોને પડતી સ્ક્રીપ્ટ અંગેની ખોટ પુરવા ૧૯૮૯ માં 'તખ્તાને ત્રીજે ખૂણે' નામનાં સ્ક્રીપ્ટ સંગ્રહ પુસ્તકનું સંપાદન કરી ઉપેન્દ્ર ત્રિવેદીના હસ્તે વિમોચન કરાવ્યું. જે પુસ્તક ખરેખર ઉપયોગી સાબિત થયું.

રંગમંચના કલાકાર ભીખુભાઈએ સાબરકાંઠા જિલ્લા એકાંકી નાટ્ય સ્પર્ધામાં 'ઉત્તમ કલાકાર' નું ઈનામ પ્રાપ્ત કરીને કડિયાદરા શાળાને ગૌરવ અપાવ્યું હતું. બાળ એકાંકી નાટકો પણ ભીખુભાઈએ ખૂબ કરાવ્યા. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે 'આઝાદીના રત્નો,', 'પરિવર્તન,' 'ત્રેપનમું પત્તુ તખ્તાનું', 'સાચી હજ કઈ', 'ગુમાની હાથી' વિ. નું લેખન અને દિગ્દર્શન કરી પ્રસ્તુત કરાવ્યા હતા. આજે પણ આ વિદ્યાર્થીઓ ભીખુભાઈને ભાવપૂર્વક નમન કરે છે. આ બાળ એકાંકી સ્ક્રીપ્ટો વિશાળ સમુદાયમાં બાળકો સુધી પહોંચે તે હેતુથી 'તખ્તા પર પાપા... પગલી' અને 'તખ્તાના તેજસ્વી તારલા' પુસ્તકોનું સંપાદન કરી વિમોચન થયા... બાળ સંસ્થાઓ, શાળાઓ વિ. ને ખૂબ ઉપયોગી પુસ્તકો છે.

રંગકર્મી ભીખુભાઈએ અનેક શેરી નાટકોનું લેખન-દિગ્દર્શન કર્યું અને તેમાં અભિનયના અજવાળા પણ પાથર્યાં. ઘેર બેઠા ગંગા, અક્ષરના અજવાળા વિ. નાટકોની અનેક વખત પ્રસ્તુતિ થઈ. અરવિંદ પંડ્યા દિગ્દર્શિત નાટક 'વિંછુડો' માં કાપાલિકની ખુંખાર ભૂમિકા ભજવીને ભીખુભાઈ છવાઈ ગયા હતા. રંગપૂજા થિયેટર, વલસાડ આયોજિત શીઘ્ર એકાંકી નાટ્ય સ્પર્ધામાં રજૂ કરેલ 'તકદીરનો તકાજો' નું ભીખુભાઈએ સુપેરે દિગ્દર્શન કરી સફળતા અપાવી હતી. ભીખુભાઈને મંચસ્થ જોવા એ પણ એક લ્હાવો છે. કાયા ને પાત્રમાં ઓતપ્રોત કરીને કે કહો ઓગાળી દઈને પ્રેક્ષકોની દાદ ઝીલતાં એ નમ્ર આદમીની અદાને 'વાહ વાહ' કહેવાનું મન જરૂર થાય.

નાટ્યકલા ચેરીટેબલ ટ્રસ્ટ, મોરબી એ ભીખુભાઈની રંગમંચીય પ્રવૃત્તિ બદલ એવોર્ડ આપી સન્માન કરેલ છે. કડિયાદરા કેળવણી મંડળે પણ ભીખુભાઈને નાટ્ય પ્રવૃત્તિ બદલ સન્માનપત્ર અર્પણ કરેલ છે.

ભીખુભાઈ શિક્ષક અને અભિનેતા તો છે જ. રંગમંચની સાથે સાથે તેમણે રેડિયો, ટી.વી. અને ફિલ્મ એમ ત્રણે ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. ટી.વી. ક્ષેત્રે તેઓ વર્ષોથી સક્રીય છે. દૂરદર્શન પર - ગ્રામજગત કાર્યક્રમના પેનલ આર્ટીસ્ટ તરીકે વર્ષો સુધી સેવા આપી. દૂરદર્શનના અનેક કાર્યક્રમોમાં અભિનય આપ્યો છે. એટલું જ નહીં કાર્યક્રમોનું સંચાલન પણ કરેલ છે. શીઘ્ર અને પાત્રી અભિનય સ્પર્ધા 'સબરંગ' કાર્યક્રમ અંતર્ગત દૂરદર્શન પર રજૂ થઈ હતી. જેમાં 'જમાદાર'નું પાત્ર ભજવીને સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવી શિલ્ડ મેળવ્યો હતો. જે ખરેખર અભિનંદનીય છે!

ભીખુભાઈએ અનેક ગુજરાતી ટીવી શ્રેણીઓમાં પણ અભિનય આપ્યો છે. જીતેન્દ્ર ઠક્કર દિગ્દર્શિત 'ભેદીલાલ, બંધન, ડૉકટર તરબુચ' વિ. માં પાત્રો ભજવીને ચાહના મેળવી છે. રોલ નાનો હોય કે મોટો કલા પ્રત્યેની લાગણીના કારણે ભીખુભાઈએ દરેક પાત્રને ન્યાય આપ્યો છે. ઈ.ટી.વી. ગુજરાતી પર સાબર કલાવૃંદ દ્વારા ભીખુભાઈ સંકલિત 'નાટ્યરંગ' કાર્યક્રમમાં જૂની રંગભૂમિના વડિલોના વાંકે, વીર માંગડાવાળો, રાજા ભર્તૃહરિ વિ. નાટકોના અંશો ભજવીને અભિનય ક્ષમતાનો પરિચય આપી દીધો છે. ભીખુભાઈએ 'અંતિમ ઈચ્છા', 'પાંખ વિનાનું પંખી', વિ. જેવી ગુજરાતી ફિલ્મોમાં પણ અભિનયના ઓજસ પાથર્યા છે. આમ ભીખુભાઈએ વિવિધરંગોથી છલકાતું વ્યક્તિત્વ છે.

ધામડી, ઈડર, પાદરડી, સુખડ તા. પ્રાંતિજ, સાબરકાંઠાથી શરૂ કરેલી શિક્ષક તરીકેની યાત્રામાં ૨૦૦૪થી તેઓ ગાંધીનગર આવી વસ્યા અને સાલુજીના મુવાડા જિ. ગાંધીનગરની પ્રાથમિક શાળામાં નોકરીમાં જોડાયા અને તેની ઉડાન ભરતી નાટ્ય સફર ગાંધીનગરમાં પણ લહેરાવા લાગી. ગાંધીનગરની અનેક સંસ્થાઓમાંથી ભીખુભાઈએ નાટકોમાં અભિનય આપીને રંગમંચ ક્ષેત્રે ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કલ્ચરલ ફોરમ આયોજિત 'જય જય ગરવી ગુજરાત' નાટકમાં પારસી બાવાનો રોલ ભજવીને ખૂબ પ્રશંસા પ્રાપ્ત કરી હતી. ૨૦૧૦માં જીતેન્દ્ર ઠક્કર દિગ્દર્શિત નાટક 'પાણી રે પાણી તેરા રંગ કૈસા' માં સરપંચની ભૂમિકા અને પ્રવિણદાન ગઢવી દિગ્દર્શિત 'ઢોલીડા'માં જમાદારની ભૂમિકા ભજવીને ભીખુભાઈએ રંગભૂમિ સાથેનું પોતાનું જોડાણ સાર્થક કરી દીધું છે. ગાંધીનગર જિલ્લા કક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં માર્ચ ૨૦૧૩માં યોજાયેલ શિક્ષકો માટેની એક પાત્રી અભિનય સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થઈને કલાસાધક ભીખુભાઈએ મેડલ મેળવ્યો હતો.

બહુવિધ પ્રતિભાના માલિક ભીખુભાઈનું સાહિત્ય સર્જનમાં પણ પ્રદાન રહ્યું છે. ભીખુભાઈએ આજીવન જીવંત શિક્ષક અને કલાકાર તરીકેની પ્રતિભાને ચરિતાર્થ કરી છે. તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાની અનેક સ્પર્ધાઓમાં ભીખુભાઈ વર્ષોથી સેવાઓ આપે છે. તેમણે અનેક નાટ્ય શિબિરોમાં ભાગ પણ લીધો છે અને તજજ્ઞ તરીકે સેવાઓ પણ આપી છે.

નમ્ર, સાલસ, સરળ, નાટ્ય કલાને સમર્પિત અને મીર કોમની અમીરાઈથી છલોછલ ભીખુભાઈના પીઠબળ, પ્રેરણા સમાન તેમના પત્ની સરોજબેન કવિ ભીખુભાઈની તમામ પ્રવૃત્તિમા ખભેખભા મિલાવીને કાર્ય કરે છે. મોરનાં ઈંડાને ચીતરવા ન પડે એમ લોહીમાં પડેલાં સંસ્કારોને ભીખુભાઈનો પુત્ર - મેહુલ અને બંને પુત્રીઓ ઉજાગર૫ કરે છે અને તેઓ પણ કલાકાર તરીકેની કારકિર્દીમાં વ્યસ્ત છે.

સારા અને સફળ શિક્ષક તરીકે એકલવ્ય એજયુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા એવોર્ડથી સન્માનિત અને નોકરીમાંથી હમણાં જ નિવૃત્ત થયેલા ભીખુભાઈ પોતાની કલા, સાહિત્ય અને શિક્ષણ પ્રવૃત્તિઓમાં સક્રીય બનીને મનગમતું જીવન જીવે છે. આવા સૌમ્ય અભિનેતા, સાહિત્યપ્રેમી અને સાચા શિક્ષકને સો સો સલામ!

# ભગવાન શ્રીગણેશનો 'લમ્બોદર' નામે અવતાર સત્સ્વરૂપ તથા શક્તિબ્રહ્મનો ધારક છે

## પ્રસંગસર

- માયા ભાનુપ્રસાદ દવે


લમ્બોદર

લમ્બોદરાવતારો વૈ ક્રોધાસુર નિબર્હણ: ।
શક્તિબ્રહ્માખુગ: સદ્ યત્ તસ્ય ધારક ઉચ્યતે ॥

ભગવાન શ્રીગણેશનો 'લમ્બોદર' નામે અવતાર સત્સ્વરૂપ તથા શક્તિબ્રહ્મનો ધારક છે. તેમનું વાહન પણ મૂષક છે.

ભગવાન વિષ્ણુના મોહિની રૂપને જોઈને ભગવાન શિવ કામમોહિત થઈ ગયા. જયારે ભગવાન વિષ્ણુએ મોહિની રૂપનો ત્યાગ કર્યો ત્યારે કામારિનું મન દુ:ખી થઈ ગયું. તે સમયે તેમનું શુક્ર ધરતી પર સ્ખલિત થઈ ગયુ. તેનાથી એક પરમ પ્રતાપી કાળા રંગનો અસુર ઉત્પન્ન થયો. તેના નેત્ર તાંબા જેવા ચમકદાર હતાં.

એ અસુર શુક્રાચાર્ય પાસે ગયો અને કહ્યું, પ્રભો! મને શિષ્ય સ્વીકારી મારૂં પાલન કરો તથા મારૂં નામકરણ કરવાની પણ કૃપા કરો. શુક્રાચાર્ય થોડીક ક્ષણો સુધી ધ્યાનમગ્ન થઈ ગયા. વિચાર કર્યા બાદ પોતાના આ યોગ્ય શિષ્યનું નામ ક્રોધાસુર રાખ્યું. તેમને તેનો સંસ્કાર કરી પોતાના શિક્ષણથી તેને સારી રીતે યોગ્ય બનાવી દીધો. પછી તેમને શંબર દૈત્યની પરમ રૂપવતી કન્યા પ્રીતિ સાથે તેનો વિવાહ કરાવી દીધો. એક દિવસ ક્રોધાસુરે આચાર્ય સમક્ષ હાથ જોડીને કહ્યું, 'હું આપની આજ્ઞાથી સંપૂર્ણ બ્રહ્માંડો પણ વિજય પ્રાપ્ત કરવા માગું છું. માટે આપ મને યશ પ્રદાન કરનારો મંત્ર આપવાની કૃપા કરો.' શુક્રાચાર્યે તેને વિધિસહ સૂર્યમંત્રની દીક્ષા આપી.



ક્રોધાસુર શુક્રાચાર્યની આજ્ઞા લઈને વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે એક પગ પર ઊભા રહીને સૂર્ય-મંત્રનો જાપ કર્યો. તે ધૈર્યશાળી દૈત્યે નિરાહાર રહીને વરસાદ, ટાઢ અને તડકાનાં કષ્ઠો સહન કરતાં કઠોર તપ કર્યું. અસુરનાં સહસ્ત્રો વર્ષની તપશ્ચર્યા બાદ ભગવાન સૂર્ય પ્રસન્ન થઈને પ્રગટ થયાં. ક્રોધાસુરે તેમનું ભક્તિપૂર્વક પૂજન કર્યું. ભગવાન સૂર્યને પ્રસન્ન જોઈને તેએ કહ્યું, 'પ્રભો! મારૂં મૃત્યુ ન થાય. હું સંપૂર્ણ બ્રહ્માંડોને જીતી લઉં. બધા જ યોદ્ધાઓમાં હું અદ્વિતીય સિદ્ધ બનું.' તથાસ્થુ!' કહી ભગવાન સૂર્ય અંતર્ધાત થઈ ગયા.

ઘેર આવીનો ક્રોધાસુરે શુક્રાચાર્યના ચરણોમા પ્રણામ કર્યા. શુક્રાચાર્યે તેનો આવેશપુરીમાં દૈત્યોનાં રાજાના પદ પર અભિષેદ કરી દીધો. કેટલાક દિવસો બાદ તેણે અસુરો સમક્ષ બ્રહ્માંવિજયની ઈચ્છા વ્યક્ત કરી. અસુર ઘણા પ્રસન્ન થયા. વિજયયાત્રા પ્રારંભ થઈ. તેણે પૃથ્વી ઉપર સરળતાથી અધિકાર કરી દીધો. પછી તે અમરાવતી પર ચઢાઈ લઈ ગયો. તેના ડરથી દેવો ભાગી ગયા. સ્વર્ગ પણ તેના આધીન થઈ ગયું. આ પ્રમાણે વૈકુંઠ અને કૈલાસ પર પણ તે મહાદૈત્યનું રાજય સ્થાપિત થઈ ગયું. ક્રોધાસુરે ભગવાન સૂર્યના સૂર્યલોકને પણ જીતી લીધો. વરદાન આપવાને કારણે સૂર્ય પણ ભગ્નહૃદયે ત્યાગ કર્યો.

અત્યંત દુ:ખી થઈ દેવો અને ઋષિઓએ ગણેશની આરાધના કરી. તેનાથી સંતુષ્ટ થઈને લંબોદર પ્રગટ થયા. તેમને કહ્યું, 'દેવો અને ઋષિઓ! હું ક્રોધાસુરના અહંકારનો ભાંગીને ભૂકો કરી નાખીશ. તમે બધા નિશ્ચિંત થઈ જાયો.' લંબોદર સાથે ક્રોધાસુરનો ભીષણ સંગ્રામ થયો. દેવો પણ અસુરોનો સંહાર કરવા લાગ્યા. ક્રોધાસુરના મોટા મોટા યોદ્ધાઓ ઘાયલ થઈ રણભૂમિમાં ઢળી પડ્યા. દુ:ખી થઈને ક્રોધાસુર ભગવાન લંબોદરના ચરણોમાં નમી પડ્યો તથા ભક્તિભાવપૂર્વક સ્તુતિ કરવા લાગ્યો. સહજ કૃપાળુ લંબોદરે તેને અભયદાન આપી દીધું. ક્રોધાસુર ભગવાન લંબોદરના આશીર્વાદ અને ભક્તિ પ્રાપ્ત કરીને શાંત જીવન વિતાવવા પાતાળે ચાલ્યો ગયો. દેવો અભય અને પ્રસન્ન બની ભગવાન લંબોદરના ગુણગાન ગાવા લાગ્યા.